


# ૧. મારું કુટુંબ

મારું નામ સરિતા છે.
આ મારાં બા છે.
મારાં બાનું નામ સવિતાબહેન છે.
મારા બાપુજીનું નામ મનુભાઈ છે.
પેલા ઘોડિયામાં મારો નાનો ભાઈ છે.
એનું નામ વિજય છે.
તે ઊંઘે છે.
હું રોજ વહેલી ઊઠું છું.
નાહીધોઈને તૈયાર થાઉં છું.
પછી ભણવા બેસું છું.
વિજયને રમાડું છું.
બાને કામમાં મદદ પણ કરું છું.

Scanned by CamScanner



## પગલું ૩

જા.

રજા.

જા, રજા.

કર મજા.

મમતા, મજા કર.


જમના, મજા કર.

રજા રજા, મજા મજા.

ા

| | | |
|---|---|---|
| કાન | કાતર | તારક |
| કાકા | નમાજ | ગાજર |
| મામા | મમરા | મકાન |

Scanned by CamScanner



## પગલું ૪

વડ.

ચડ.

વડ પર ચડ.

પરાગ, વડ પર ચડ.

ચમન, વડ પર ચડ.

તારા, વડ પર ચડ.

ડ પ વ ચ

| | | | | |
|---|---|---|---|---|
| પગ | ડર | માપ | કાપ | પવન |
| વન | રડ | તાવ | કાચ | કાપડ |

Scanned by CamScanner



## પગલું ૭

ગાડી.
ગાડી ગાડી ગાડી.
મીના, તારી નવી ગાડી.
કરીમ, તારી નાની ગાડી.
નવી નવી ગાડી ચાલી.
નાની નાની ગાડી ચાલી.
પી.... પી.... કરતી ગાડી ચાલી.

**ી**

| | | | | |
|---|---|---|---|---|
| વાડી | નદી | ગીત | ચકલી | દરજી |
| પાડી | ચાવી | રીત | ચમચી | મરજી |
| દાદી | નીલા | જીત | લાકડી | રાજીવ |

જ + ી = જી – જી નું જે વિશિષ્ટ લિપિચિહ્ન છે, તે તરફ બાળકોનું ધ્યાન દોરવું.



Scanned by CamScanner



## પગલું ૯

દાદા.

આ મારા દાદા છે.

દાદા મને ગમે છે.

તે મને રેવડી આપે છે.


તે મને રમાડે છે.

મારા દાદાને નમન.

ે

| | | | |
|---|---|---|---|
| એક | રેતી | કેરી | દેગડી |
| બે | દેવી | કેડી | ચમેલી |
| વેલ | દેરી | ડેલી | તપેલી |

Scanned by CamScanner



## પગલું ૧૧

વરસાદ.
ઇલાને વરસાદ ગમે છે.
ઇકબાલને પણ વરસાદ ગમે છે.
ઇલા ને ઇકબાલ ગાય છે.
વરસ વરસ. મેહ, વરસ.
ધરતીને છે તરસ તરસ.
ધરતી માગે પાણી પાણી.
ઝરમર ઝરમર વરસ વરસ.
ટપટપ ટપટપ ટપક ટપક.
મેહ વરસે. ધરતી હરખે.

| ટ | હ | ધ | ઇ |
|---|---|---|---|
| હળ | ટપાલી | હરખ | ધમધમ |
| ધજા | ધમણ | હરણ | ટનટન |
| ઇનામ | ઇયળ | બટન | સાઇકલ |

Scanned by CamScanner



## પગલું ૧૨

વાડી.

ચાલ જગત, વાડીએ.

અમારી વાડી મજાની છે.

વાડી લીલીછમ છે.

અમારી વાડીએ પરબ છે.

અમારી વાડીએ ગાય છે.

ગાયને એક વાછડી છે.

બા ગાયને ખડ આપે છે.

બહેન વાછડીને વહાલ કરે છે.

અમે ઝાડ નીચે રમીએ છીએ.

ભાભી ભાત લાવે છે.

વાડીએ કેવી મજા પડે!

Scanned by CamScanner



## પગલું ૧૩

પંખી.

રંગબેરંગી પંખી.

આંગણે પંખી આવે છે.

ચકલી આવે છે. કાબર આવે છે.

વસંત, દાણા નાખ.

ચકલી ચીં ચીં કરતી ચણે.

કાબર કલબલ કરતી ચણે.

દાણા ચણી પંખી રાજી.

પંખી રાજી, અમે રાજી.



| | | | |
|---|---|---|---|
| દંડ | ચાંચ | ચંપલ | ભંડાર |
| ઘંટ | પાંખ | પલંગ | બંગડી |
| ડંખ | આંખ | પતંગ | જંગલ |

Scanned by CamScanner



## પગલું ૧૪

નદી.

આ નદી છે.

આ અમારા ગામની નદી છે.

નદીમાં ઘણું પાણી છે.

નદી પર એક પુલ છે.

પુલ પર ઘણાં વાહન આવજા કરે છે.

કનુ ઝટઝટ નદીએ ચાલ. રેણુ જલદી નદીએ ચાલ

નદીની રેતીમાં આપણે રમીએ.

નદીએ રમવાની બહુ મજા પડે છે.

ુ

| | | | |
|---|---|---|---|
| લાડુ | સુમન | પાંદડું | બુધવાર |
| કાજુ | બકુલ | વાંદરું | જાદુગર |
| ચીકુ | ચતુર | ગુંદર | ગુરુવાર |

Scanned by CamScanner



## પગલું ૧૫

ઉમા, આજે રજા છે.
તું અમારે બગીચે ફરવા ચાલ.
ભગીરથ, તું પણ આવ.
બગીચામાં જામફળનાં ઝાડ છે.
ઉમેદ, જામફળ ઉતાર.
ભગીરથ, પાથરણું પાથર.
આપણે બેસીને જામફળ ખાઈએ.
જામફળ ખાઈને રાજી થઈએ.
રાજી થઈને ઘેર જઈએ.

ઉ ફ થ ઈ

| | | | | |
|---|---|---|---|---|
| ફળ | ઈદ | બરફ | ઉપાડ | ફરસાણ |
| થડ | હાથ | ઈડલી | ઉધાર | ફરકડી |
| ઈસુ | સાથ | ફકીર | ઉજાણી | ઉતરાણ |

Scanned by CamScanner



## પગલું ૧૬



સૂરજદાદા.
સૂરજદાદા આવે છે.
તે અજવાળું લાવે છે.
ગામના કૂકડા જાગી ગયા છે.
તે કૂકડેકૂક કરવા લાગી ગયા છે
દૂર દૂર ઝાલર વાગે છે.
ગાયનાં ધણ ચરવા નીકળે છે.
સૂરજદાદાને અમારાં વંદન.

**ૂ**

| | | | |
|---|---|---|---|
| લૂમ | પૂનમ | ખજૂર | મજૂર |
| ફૂલ | પૂતળું | ખેડૂત | રૂમાલ |
| રૂઝ | કૂતરું | ખૂરપી | ચૂરમું |

ર + ૂ = રૂ નું જે વિશિષ્ટ લિપિચિહ્ન છે, તે તરફ બાળકોનું ધ્યાન દો



Scanned by CamScanner




## પગલું ૧૭

ચાલો, ફરવા ચાલો.
જુઓ, સામે ચકડોળ છે.
ચકડોળ ગોળ ગોળ ફરે છે.
આપણે બધાં ચકડોળમાં બેસીએ.
દોડો દોડો, વારો રાખો.
પહેલાં ગોપી, મોના અને ગોમતી બેસે.
ગોપાલ ને મોહન, તમે ચકડોળ ફેરવો.
ફરતાં ફરતાં ગીત ગાઓ.

ો

| | | | | |
|---|---|---|---|---|
| બોર | પંખો | લખોટો | કોયલ | કોદાળી |
| ગોળો | કાંટો | ચોતરો | પોપટ | કોથળો |
| લોટો | ચાંદો | ખાટલો | ઉનાળો | કાગળો |

Scanned by CamScanner




## પગલું ૧૯

ગઢ:

શરદ, ચાલ. ગઢ પર ચડીએ.
ગઢ પર ચડવું કઠણ છે.
હું ગઢ પર ચડીશ અને ઊતરીશ.
તું પણ ચડ અને ઊતર.

આ હોડી છે.
હોડીને સઢ છે.
હોડીથી નદી પાર કરી શકાય છે.
હોડી સરસર કરતી જાય છે.




| શ | ઠ | ઢ | ઊ |
|---|---|---|---|
| દેશ | શરીર | ઊધઈ | શરબત |
| પાઠ | ઠળિયો | ઊજળું | ઊઠબેસ |
| સંઢ | ઢગલો | ઊભરો | શરણાઈ |

Scanned by CamScanner









## પગલું ૧૮

ખેડૂત ખેતી કરે.
ધોબી કપડાં ધુએ.
માળી બાગકામ કરે.
કુંભાર માટલાં ઘડે.
સોની ઘરેણાં ઘડે.
લુહાર દાતરડું ઘડે.
કંસારો વાસણ ઘડે.
દરજી કપડાં સીવિ.
મોચી ચંપલ સીવિ.
સુથાર ખુરસી બનાવે









Scanned by CamScanner



## પગલું ૨૦

આજે રવિવારની રજા છે.
કિરીટ અને હું વિમાનઘર જોવા ગયાં.
અમે બસમાં બેઠાં.
બસમાં તો ગિરદી જ ગિરદી.
કિરીટે અમારી ટિકિટ લીધી.
બસ વિમાનઘરે પહોંચી.
અમે વિમાનને ઊતરતું ને ચડતું જોયું.
અમને વિમાનઘર જોવાની મઝા પડી.

િ

| | | | |
|---|---|---|---|
| તિથિ | બિલાડી | રેડિયો | શનિવાર |
| ગિરિ | શિયાળો | દિવાળી | ગલૂડિયું |

Scanned by CamScanner




## પગલું ૨૧

ચૈતર વૈશાખ.
ચૈતર વૈશાખ બે મહિના.
ચૈતરમાં ખીલે ફૂલ.
વૈશાખે આવે આંબા.
કોયલ ટહુકે મીઠે રાગે.
નાચે થૈ થૈ મોર.
ગામ ગામનાં ખેડુ છૈયાં.
ખેતર ખેડે જુઓ ભૈયા.

ૈ

| | | |
|---|---|---|
| વૈદ | વૈભવ | પપૈયું |
| પૈડું | કૈલાસ | સૈનિક |
| પૈસો | તૈયારી | જાનૈયો |

Scanned by CamScanner



## પગલું ૨૨

ગૌશાળા.

અમારા ગામમાં ગૌશાળા છે.

ગૌશાળા ખૂબ મોટી છે.

ગૌતમ અને નૌતમ ગૌશાળામાં ગયા.

ગાયો ગૌચરમાંથી ચરીને આવી.

રબારી ગાયોને દોહે છે.

ગાયનું દૂધ મીઠું હોય છે.

દૂધ સૌને ભાવે છે.

**ૌ**

| | | |
|---|---|---|
| ગૌરી | ગૌરવ | ગૌરાંગ |
| કૌવત | કૌરવ | સૌરભ |
| ચૌદશ | કૌશિક | કૌશલ |

Scanned by CamScanner



## પગલું ૨૩

સવાર થયું.
હું વહેલો વહેલો જાગ્યો.
જાગીને હું તૈયાર થવા લાગ્યો.
દાતણ કરી મોઢું ધોયું.
મેં નાહીને વાળ ઓળ્યા.
બાએ મને નાસ્તો આપ્યો.
હું નિશાળે જવા નીકળ્યો.
રસ્તામાં મારો ભાઈબંધ મળ્યો.
અમે સાથે નિશાળે ગયા.

| | | | |
|---|---|---|---|
| ધ્વજ | સ્વાદ | શબ્દ | ભાસ્કર |
| સ્નાન | ન્યાય | સ્લેટ | અબ્દુલ |
| ધ્યાન | ક્યારા | પ્યાલો | વનસ્પતિ |


Scanned by CamScanner



## પગલું ૨૪

અમે એક બિલ્લી પાળી છે.
તેને બે બચ્ચાં છે.
બન્ને બચ્ચાં બહુ રૂપાળાં છે.
બચ્ચાં બિલ્લી પાછળ દોડે છે.
બચ્ચાં બિલ્લી સાથે ગેલ કરે છે.
બિલ્લી તેમને ચાટે છે.
હું બચ્ચાંને રમાડું છું.
હું તેમને દૂધ પાઉં છું.
મને બિલ્લીનાં બચ્ચાં ગમે છે.

| | | | |
|---|---|---|---|
| ચક્કી | ચપ્પુ | કક્કો | ગમ્મત |
| ચિઠ્ઠી | વચ્ચે | કન્ના | અધ્ધર |
| બિલ્લી | ચોખ્ખું | [illegible] | ટટ્ટાર |



# ૭. મારું ગામ

આજે રવિવાર છે. નિશાળમાં રજા છે. અંજના, સંજય, ચાલો, આપણે સૌ મારે ગામ જઈએ.

જુઓ, પેલું આંબાવાડિયું દેખાય છે ને? ત્યાં મારું ગામ છે. મારા ગામનું નામ રામપુર છે. ગામમાં સુંદર તળાવ છે. તળાવને. કાઠે વડલાનું મોટું ઝાડ છે. વડલાની વડવાઈએ હીંચકા ખાવાની મજા આવશે.



Scanned by CamScanner




# ૧. મારું કુટુંબ

મારું નામ સરિતા છે.
આ મારાં બા છે.
મારાં બાનું નામ સવિતાબહેન છે.
મારા બાપુજીનું નામ મનુભાઈ છે.
પેલા ઘોડિયામાં મારો નાનો ભાઈ છે.
એનું નામ વિજય છે.
તે ઊંઘે છે.
હું રોજ વહેલી ઊઠું છું.
નાહીધોઈને તૈયાર થાઉં છું.
પછી ભણવા બેસું છું.
વિજયને રમાડું છું.
બાને કામમાં મદદ પણ કરું છું.

Scanned by CamScanner







## પગલું ૧૮

ખેડૂત ખેતી કરે.
ધોબી કપડાં ધુએ.
માળી બાગકામ કરે.
કુંભાર માટલાં ઘડે.
સોની ઘરેણાં ઘડે.
લુહાર દાતરડું ઘડે.
કંસારો વાસણ ઘડે.
દરજી કપડાં સીવે.
મોચી ચંપલ સીવે.
સુથાર ખુરસી બનાવે.



Scanned by CamScanner



## ૫. સ્ટેશન પર

દિવાળીની રજાઓ પડી. મામાને ઘેર જવાનું નક્કી થયું. વહેલી સવારે અમે સૌ તૈયાર થયાં. મોટરમાં બેસી સ્ટેશને ગયાં.

સ્ટેશન પર ખૂબ માણસો હતાં. બધાં આમતેમ દોડતાં હતાં. ત્યાં લાલ કપડાંવાળા હમાલ હતા. તે કેટલો બધો સામાન ઊંચકે છે ને કેવા ઝટપટ ચાલે છે!

અમારો સામાન થોડો હતો. મોટી બેગ બાપુજીએ ઉપાડી. નાની બેગ બાએ ઉપાડી. મોટી બહેને થેલો ઊંચક્યો. મેં પણ નાસ્તાની થેલી ખભે લટકાવી. બાપુજી મારો હાથ પકડીને ચાલે. મને એ ગમે જ નહીં. હું કાંઈ નાનો નથી. પહેલા ધોરણમાં છું.

અમે ગાડીમાં બેઠાં. હું બારી પાસે જ બેઠો. બારીમાંથી બહાર બધું બજાર જેવું લાગે. રમકડાંવાળો, બિસ્કિટવાળો, ચાવાળો... બધા બૂમો પાડે.

સામે એક મોટું ઘડિયાળ લટકતું હતું. એના કાંટા મારા હાથ જેવડા હતા. કાંટો ખસે ને જોવાની મજા પડતી હતી. એટલામાં સીટી વાગી. ગાડી છૂટી. છુક... છુક... છુક...



ગામમાં મજાનો ચબૂતરો છે. ત્યાં ઘણાં પંખીઓ ચણવા આવે છે. ત્યાં પારેવાં, ચકલાં, કાબર, પોપટ અને મોર જોવાની મજા આવશે.

મારા ગામમાં રામજીનું મંદિર છે. ત્યાં સવારે અને સાંજે આરતી થાય છે. મંદિરમાં ભજનો ગવાય છે. ભજનો સાંભળવાની મઝા પડે છે. મંદિરથી થોડે દૂર મસ્જિદ છે. ત્યાં મુસ્લિમ ભાઈઓ નમાજ પઢે છે.

ગામમાં ખેડૂતો રહે છે. સુથાર, લુહાર જેવા કારીગરો પણ રહે છે. બધા લોકો સંપીને રહે છે. સૌ પોતપોતાનું કામ કરે છે. સૌ ગામને ચોખ્ખું રાખે છે.

અમારું ગામ ખૂબ રળિયામણું છે. તમને અમારું ગામ ખૂબ ગમશે.



Scanned by CamScanner

# ૧૨. અજબ જેવી વાત છે !



નાની મારી આંખ, એ જોતી કાંક કાંક
એ તે કેવી અજબ જેવી વાત છે!



નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મઝાનું,
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાના મારા કાન, એ સાંભળે દઈ ધ્યાન,
એ તે કેવી અજબ જેવી વાત છે!



નાનું મોઢું મારું, એ બોલે સારું સારું,
એ તે કેવી અજબ જેવી વાત છે!



નાના મારા હાથ, એ તાળી પાડે સાથ,
એ તે કેવી અજબ જેવી વાત છે!

પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તે કેવી અજબ જેવી વાત છે!





Scanned by CamScanner



## ૭. મારું ગામ

આજે રવિવાર છે. નિશાળમાં રજા છે. અંજના, સંજય, ચાલો, આપણે સૌ મારે ગામ જઈએ.

જુઓ, પેલું આંબાવાડિયું દેખાય છે ને? ત્યાં મારું ગામ છે. મારા ગામનું નામ રામપુર છે. ગામમાં સુંદર તળાવ છે. તળાવને. કાઠે વડલાનું મોટું ઝાડ છે. વડલાની વડવાઈએ હીંચકા ખાવાની મજા આવશે.



Scanned by CamScanner



# ૧૫. ચાલોને રમીએ હોડી હોડી

ચાલો ચાલોને રમીએ હોડી હોડી.
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર
ઝરણાં નાનાં જાય દોડી દોડી.... ચાલોને રમીએ૦

બાપુનાં છાપાં નક્કામાં થોથાં.
કાપીકૂપીને કરીએ હોડી.... ચાલોને રમીએ૦

સાદી સઢવાળી, નાની ને મોટી,
મૂકીએ પવનમાં છોડી છોડી.... ચાલોને રમીએ૦

ખાલી રાખેલી ઊંધી વળે તો,
પાંદડાં ને ફૂલ ભરું તોડી તોડી.... ચાલોને રમીએ૦

જાશે દરિયાપાર પરીઓના દેશમાં,
સૌથી પહેલી દોસ્ત મારી હોડી.... ચાલોને રમીએ૦

Scanned by CamScanner

# ૪. ચાંદો-સૂરજ રમતા'તા



ચાંદો-સૂરજ રમતાં'તા,
રમતાં રમતાં કોડી જડી.
કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં.



બી મેં વાડે નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો.
વેલો મેં ગાયને નાખ્યો,
ગાયે મને દૂધ આપ્યું.



દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીંછું આપ્યું.
પીંછું મેં બાદશાહને આપ્યું,
બાદશાહે મને ઘોડો આપ્યો.





Scanned by CamScanner



## પગલું ૧૩

પંખી.

રંગબેરંગી પંખી.

આંગણે પંખી આવે છે.

ચકલી આવે છે. કાબર આવે છે.

વસંત, દાણા નાખ.

ચકલી ચીં ચીં કરતી ચણે.

કાબર કલબલ કરતી ચણે.

દાણા ચણી પંખી રાજી.

પંખી રાજી, અમે રાજી.



| | | | |
|---|---|---|---|
| દંડ | ચાંચ | ચંપલ | ભંડાર |
| ઘંટ | પાંખ | પલંગ | બંગડી |
| ડંખ | આંખ | પતંગ | જંગલ |

Scanned by CamScanner

# ૨. બે બિલાડી અને વાંદરો





Scanned by CamScanner

## ૩. ચાંદો પકડ્યો....



જંગલમાં વાંદરાંનું એક ટોળું રહે. એ આખો દિવસ ઝાડ પર કૂદાકૂદ કરે. જંગલમાં આમતેમ ફરતું રહે. ફળો ખાઈ પેટ ભરે.

ટોળામાં થોડાં બચ્ચાં હતાં. બચ્ચાં તો બસ તોફાન જ કરે. ડાળી પર ઊંધાં લટકે. એકબીજાની પૂંછડી ખેંચે. એકબીજાને ટપલી મારે. હૂપાહૂપ કરી મૂકે. અંધારું થાય તોપણ જંપે નહીં.

એક દિવસની વાત છે. ચાંદની રાત હતી. તળાવને કાઠે એક ઝાડ હતું. ઝાડ પર બધાં વાંદરાં ઊંઘતાં હતાં. એક તોફાની બચ્ચું જાગતું હતું. એણે તળાવમાં ચાંદો જોયો. એણે બીજાં બચ્ચાંને ધીમેથી જગાડ્યાં. બધાંને થયું કે આ તો મોટું ફળ ! પણ એને બહાર કાઢવું કઈ રીતે?


એકને યુક્તિ સૂઝી. તે ઝાડની ડાળી પકડીને લટક્યું. તેની પૂંછડી પકડી બીજું બચ્ચું લટક્યું. આમ, એક પછી એક પૂંછડી પકડીને લટકવા લાગ્યાં. છેલ્લું બચ્ચું પાણી સુધી પહોંચ્યું. તે ચાંદાને પકડે તે પહેલાં ઉપરના બચ્ચાની પકડ છૂટી ગઈ. બધાં જ ધબાક કરતાં પાણીમાં પડ્યાં.



Scanned by CamScanner

# ચિત્રવાર્તા

## ૧. કાચબો અને સસલો



Scanned by CamScanner



ચાંદો સૂરજ રમતાં'તા,
રમતાં રમતાં કોડી જડી,
કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં.



બી બધાં મેં વાડમાં નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો.
વેલો મેં ગાયને નીર્યો,
ગાયે મને દૂધ આપ્યું.



દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીછું આપ્યું,
પીછું મેં પાદશાહને આપ્યું,
પાદશાહે મને ઘોડો આપ્યો.



ઘોડો મેં બાવળિયે બાંધ્યો,
બાવળે મને શૂળ આપી.
શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી.



માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડો આપ્યો,
ઘડો મેં કૂવાને આપ્યો,
કૂવાએ મને પાણી આપ્યું.

Scanned by CamScanner



## પગલું ૭

ગાડી.

ગાડી ગાડી ગાડી.

મીના, તારી નવી ગાડી.

કરીમ, તારી નાની ગાડી.

નવી નવી ગાડી ચાલી.


નાની નાની ગાડી ચાલી.

પી.... પી.... કરતી ગાડી ચાલી.


ી

| | | | | |
|---|---|---|---|---|
| વાડી | નદી | ગીત | ચકલી | દરજી |
| પાડી | ચાવી | રીત | ચમચી | મરજી |
| દાદી | નીલા | જીત | લાકડી | રાજીવ |

જ + ી = જી – છ નું જે વિશિષ્ટ લિપિચિહ્ન છે, તે તરફ બાળકોનું ધ્યાન દોરવું.

Scanned by CamScanner



## પગલું ૧

નમ.

કનક, નમ.

નમન કર.

કનક, નમન કર.

મકન, નમન કર.

| | | | |
|---|---|---|---|
| ન | મ | ક | ર |

મન    નરમ    કમર

રમ    મનન    રકમ

Scanned by CamScanner